मनोमुकुर

ગદ્ય લખાણોનો સંગ્રહ

ગ્રન્થ પ્હેલો

કર્તા

નરસિંહરાવ ભોળાનાથ

આવૃત્તિ પ્હેલી પ્રત ૧૦૦૦

ઈ. સ. ૧૯૨૪ સંવત્ ૧૯૮૦

કિમ્મત રૂ. ૩-૦-૦

Printed by Madanlal Itchharam Desai at the
GUJARATI PRINTING PRESS
Circle, Fort, Bombay
and
Published by Natverlal Itchharam Desai and Babubhai Itchharam Desai
Sassoon Buildings, Circle, Fort, BOMBAY.

મ્હારા વિરલ સાચા મિત્ર

સ્વ. વરજરાય સંતોકરાય દેસાઇનું

સ્મરણ

આ ગ્રન્થ સાથે આર્દ્રભાવે

જોડું છું

અનુક્રમણિકા

નિવેદન

મ્હારા ગદ્ય લેખોના સંગ્રહનો એક અંશ સુજ્ઞ વાચક વર્ગની સમક્ષ રજૂ કરું છું. આ પ્રથમ ખંડ જેટલા બીજા બે ખંડ ઈશ્વરકૃપા હશે તો ભાવિમાં પ્રસિદ્ધ કરવાનો વિચાર છે. વિષયની વિભાગયોજના અનુક્રમણિકામાં દર્શાવીછે. તે વિભાગમાં પ્રવિષ્ટ થાય હેવા અન્ય લેખો દ્વિતીય તથા તૃતીયખંડમાં પણ મૂકવાના છે. આ રીતિ આદરવાનું કારણ એક તો એ કે 'ગ્રન્થાવલોકન' અથવા 'રસકલાતત્ત્વાન્વેષણ' અથવા 'જીવન-દર્શન' ઇત્યાદિ એક જ વિભાગના સર્વ લેખોનો અક્કેકો પૂર્ણ સંગ્રહ વાંચતાં વાચકોને વખતે કંટાળો આવે તે પરિણામ વૈવિધ્યથી ટાળવું.

પ્રથમ વિભાગ ('ગ્રન્થાવલોકન તથા ગ્રન્થપરિચય') અને દ્વિતીય વિભાગ ('રસ તથા કલામાં તત્ત્વાન્વેષણ') એ બંને 'વિવેચન'ના સમાન વર્ગના પેટાભેદ જ છે; પરંતુ 'વિવેચન' એમ મુખ્ય વિભાગ પાડી બતાવ્યો નથી. ઈ. સ. ૧૮૮૩–૮૪ થી માંડીને ઈ. સ. ૧૯૧૩–૧૪ સુધીનો સમય આ પ્રથમ સંગ્રહાંશ રોકેછે તે પેટા–અનુક્રમણીમાં દર્શાવેલી સાલોથી જણાઈ આવશે. આ લેખોમાંના કેટલાક લેખો વિશે થોડીક માહિતી આપવી ઇષ્ટ ગણુંછું:

ઉત્તરભદ્રંભદ્ર–આ લેખ લખવાની સ્ફુરણા એક અંગ્રેજી માસિક-માં ડિકન્સનાં પાત્રો–મિ૦ પિકાવક વગેરે–ફરી હાલના સમયમાં જીવનમાં હોય તો કેમ વર્તે? હેવા પ્રશ્નની કલ્પના કરીને લખાયલો લેખ વાંચીને મ્હને થઈ હતી. રા. બ. રમણભાઈના 'ભદ્રંભદ્ર'માં કથા કાંઈક અપૂર્ણ અટકી પડતી લાગેછે તે સ્થિતિનો લાભ લઈ કથાને આગળ ચલાવવાની અનુકૂલતા મળી ગઈ. 'ઉત્તરભદ્રંભદ્ર'માં સમાપ્તિ ભદ્રંભદ્રના મરણથી મ્હેં પ્રથમ કરી હતી; મરણ સ્પષ્ટ સૂચવ્યું ન્હોતું, પરંતુ એ મહાપુરુષ ગુમ થઈ ગયા પછી અમુક સંયોગોમાં હેમની ખોપરી હાથ લાગી અને

હેની પરીક્ષાથી મરણનો તર્ક થયો હેવો ઇરાદો હતો. આ પરિણામ કેટલાક મિત્રોને અરુચિકર લાગ્યું તેથી ગુમ થયેલા ભદ્રંભદ્રને જીવતા જ રહેવા દેઈ એ વિલક્ષણ વ્યક્તિનો જીવનવૃત્તાન્ત આગળ ચલાવવાનો માર્ગ અન્ય લેખકો માટે ખુલ્લો રાખ્યો.

એક અમૂલ્ય ગ્રન્થની શોધ–પ્રેમાનન્દને નામે ચઢાવેલાં નાટકો વિશેની ચર્ચામાં નાટકો સાચાં માનનાર વર્ગની રમૂજ કરવાના હેતુથી આ લેખ લખ્યો હતો. એ પ્રસિદ્ધ થયો તે વખતે કેટલાક ભલા વાચકો છેતરાયા હતા, ભાલણનો ગ્રન્થ ખરેખરો જ પ્રાપ્ત થયો હશે–એમ માનવા લાગ્યા હતા, અને તે લેખ ઉપર ચર્ચાપત્રો પણ એક બે જણે પ્રસિદ્ધ કર્યાં હતાં. લેખનું સ્વરૂપ બરોબર સમઝનારાને આ ભ્રમ નિરાધાર જ લાગ્યો હતો.

વિશ્વરચના–આ લેખની પ્રેરણા (લેખના આરમ્ભવચનથી જણાશે કે) રા. વિજયલાલ કન્હૈયાલાલના એક મનનશીલ લેખથી થઈ હતી. એ લેખ વાચકે જોઈ જવો એમ વિનંતિ છે. મ્હારા લેખના ઉત્તરમાં રા. વિજયલાલે તે પછીના વસન્તના એક [1]અંકમાં લેખ આપ્યો હતો. એ લેખ અલબત કીમતી હતો, પરંતુ મ્હારી ચર્ચાને કોઇ રીતે પદચ્યુત કરે હેવી ચર્ચા હેમાં ન હોવાથી મ્હેં મૌન રાખ્યું હતું.

સ્વેચ્છાસ્વીકાર–અમદાવાદના પ્રાર્થનામન્દિરમાં આ વ્યાખ્યાન મ્હેં આપ્યું હતું. જે ચિત્રથી આ વ્યાખ્યાનની ઉત્પત્તિ થઈ, તે ચિત્રની એક મ્હોટી પ્રત હાલમાં મ્હારા મકાનમાં દિવાલ ઉપર લટકેછે. (મ્હારા સ્વ. પુત્ર નલિનકાન્તના પ્રયાસથી એ પ્રત ઈંગ્લાણ્ડથી પ્રાપ્ત થઈ હતી). એ જ ચિત્રને વિષયભૂત કરનારું કાવ્ય 'નૂપુરઝંકાર'માં (પૃષ્ઠ ૧૨૬ મે) એ જ નામ આપીને મૂકયુંછે.

---

૧ 'વસન્ત' સંવત્ ૧૯૬૨ શ્રાવણ પૃષ્ઠ ૨૫૭ જુવો.

વસન્તોત્સવ ઉપર ચર્ચા–રા. ન્હાનાલાલ દલપતરામ કવિયે 'વસન્તોત્સવ' 'જ્ઞાનસુધા'માં પ્રગટ કરાવીને પોતાની નવીન પદ્યયોજના રજૂ કરી તે ઉપર ચર્ચાપત્રરૂપે 'જ્ઞાનસુધા'માં મ્હેં આ લેખ મૂકાવ્યો હતો. એઓની 'છન્દ વિનાની છન્દરચના' સ્હામે પ્રથમ પુકાર–કેવળ પુકાર નહિ, પણ સ્વરૂપપરીક્ષા સાથે પુકાર–એ હતો. એ 'છન્દરચના'ના બચાવમાં રા. ન્હાનાલાલે લેખ 'વસન્ત'માં લખ્યો તે ચર્ચાની પરીક્ષા

ગુજરાતી કવિતા અને સંગીત–એ લેખમાં મ્હેં કરીછે.

ઠગાયલી વિધવાને ન્યાય–આ લેખ "સહૃદય ન્યાયદષ્ટિ" એ કૃત્રિમ નામથી પ્રસિદ્ધ કરાવ્યો હતો. મ્હારાંજ કાવ્યો વિશે ધગધગતી ચર્ચા ચાલતી હતી ત્હેવા સમયમાં આ માર્ગ મ્હેં ઇષ્ટ ગણ્યો હતો.

એક ચિત્ર જોઈ સૂઝેલા વિચાર–મ્હારી લેખનપ્રવૃત્તિના આરમ્ભકાળનો આ લેખ છે. હેમાં કોઇને અપરિપકવતા લાગે તો એ વાત ધ્યાનમાં રાખવાને વિનંતિ છે. એ લેખમાંના વિચારોમાં ફેરફાર મહત્ત્વનો કાંઈ કરવાને કારણુ ના લાગવાથી આ સંગ્રહમાં દાખલ કરુંછું.

ઉત્તરરામચરિતનું અવલોકન–ગ્રન્થાવલોકનમાં મ્હારો આ પ્રથમ પ્રયાસ હતો. ('મેઘદૂત' ભાષાન્તર વિશેની ચર્ચા બાદ કરુંછું; કેમકે તે શુદ્ધ અવલોકન ન હોતું). મણિલાલ નભુભાઈને આ અવલોકનથી કાંઈક અસંતોષ થયો હતો ખરો; પરંતુ તે પછી એકવાર રેલવે ટ્રેનમાં હમે ભેગા થયા ત્હારે ખુલ્લા દિલથી મ્હને હેમણે કહેલું કે લોકો આ બાબત પકડીને આપણી બેની વચ્ચે વૈમનસ્ય કરાવવા જાયછે, પણ હું એ લોકોને ગણકારતો નથી.

'વિલાસિકા'નું અવલોકન–મિ० ખબરદાર મ્હને પ્રથમ સાહિત્ય પરિષદ્ વખતે અમદાવાદમાં મળવા આવ્યા તે વખતે એઓએ 'વિલાસિકા'ની ભેટ મ્હને આપી અને અવલોકન લખવાની મ્હને સૂચના કરી.

કેટલાક માસના માસ સૂધી હું નિશ્ચેષ્ટ રહ્યો. આખર મિ૦ ખબરદારનો આગ્રહ ભરેલો પત્ર આવ્યો, એટલે અવલોકન આરમ્ભ્યું, કડકે કડકે છપાવ્યું, અને અંતે પૂર્ણ કર્યું. મિ૦ ખબરદારનો પત્ર અહિં ઉતારૂંછું તે ઉપરથી વસ્તુસ્થિતિ સ્પષ્ટ થશે:

દમણ

સપ્ટેમ્બર ૧૫, ૧૯૦૬

શુભોપમાયોગ્ય સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથ

મુ૦ રત્નાગિરિ

ગયે વર્ષે અમદાવાદમાં ભરાયલી સાહિત્ય પરિષદને ટાંકણે આપની મુલાકાતનું મને માન મળ્યું હતું તે તો આપ ભૂલી નહિ ગયા હશો. આપની કવિત્વ શક્તિ અને વિદ્વત્તા માટે મને માન છે અને તેથી જ તે વેળાએ મ્હારી "વિલાસિકા" આપના હસ્તમાં મૂકતાં તેના સંબન્ધમાં આપના અભિપ્રાય તથા યોગ્ય સૂચનાની મેં ઇચ્છા આપની આગળ પ્રદર્શિત કરી હતી. હું ધારૂં છું કે આ વાત આપને સ્મરણમાં નહિ રહી હોય અને તેથી આ તકે આપને તેની યાદ આપવાની હું રજા લેઉં છું. આપ વિદ્વાન છો; અનેક શાસ્ત્રોના જ્ઞાતા છો; રસિક છો; ગુર્જર કવિઓમાં માનવંત પદથી વિભૂષિત છો; તો આપની સહૃદયતાથી આપેલી સૂચના મને બહુ આનન્દ આપશે. આપના અનેક વિદ્વત્તાપૂર્ણ લેખો વાંચવામાં હું મોજ માનું છું. આશા છે કે ઉપર કીધેલી અરજ સ્વીકારી મને આભારી કરશો.

આપને શ્રમ આપવા માટે હું ક્ષમા ઇચ્છું છું. આશા છે કે આનન્દમાં હશો.

લી૦ આપનો નમ્ર સેવક

(સહી) અરદેશર ફરામજી ખબરદાર

આ પત્ર મળ્યા પછી લગભગ છ મહિને મ્હેં ઉત્તર લખ્યો પણ તે દરમ્યાન "વિલાસિકા"નું અવલોકન લખવા માંડ્યું હતું, લગભગ પૂરું કર્યું હતું, અને તે બાબત મિ૦ ખબરદારને ઉત્તરના પત્રમાં જણાવી હતી. એઓએ તરત પ્રત્યુત્તર લખ્યો ત્હેમાં એક મહત્ત્વનો મુદ્દો સવિસ્તર ચર્ચ્યો હતો. અંગ્રેજી sonnet નું પ્રતિરૂપ ગુજરાતી પદ્યમાં ઉતારવા માટે મિ૦ ખબરદારે ધ્વનિત નામનો નવો છન્દ યોજ્યો હતો તે વિશે સવિસ્તર ખુલાસો હેમણે કર્યો હતો, અને એ માહિતીનો ઉપયોગ મ્હારા અવલોકનમાં કરી 'ધ્વનિત'ના ગુણની સ્થાપના કરવા માટે મ્હને લખ્યું હતું. આ સંગ્રહમાં પૃષ્ઠ ૮૨–૮૪ માં ધ્વનિત વિશે મ્હેં ચર્ચા કરીછે ત્હેમાં એ માહિતીનો ઉપયોગ મ્હેં કર્યો હતો.

આ પ્રસંગે એક મહત્ત્વની વાત ઉમેરવી જરૂરની છે. આ ચર્ચામાં મ્હેં ધ્વનિત માટેના દાવામાં બે સ્ખલનો બતાવતાં કહ્યુંછે: "૮ વન્ ધ્યાદિ ગણોમાં દરેક સ્વરની બબ્બે માત્રા ગણીછે તે નિરાધાર છે. અંગ્રેજી iambic છન્દમાં * * * ગણમાંના સ્વરો લઘુ પણ હોય અને ગુરુ પણ હોય એમ અનિયમ છે." (પૃષ્ઠ ૮૩) આ સ્વરૂપદર્શનમાં એમ માનીને હું ચાલ્યોછું કે અંગ્રેજી છન્દમાં accent (સ્વરભાર) નું તત્ત્વ જ છન્દના સ્વરૂપનું નિયામક છે, લઘુગુરુપણાનો (quantity નો) હેમાં સંબન્ધ પ્રવિષ્ટ થતો નથી. આ બહુ અંશે સત્ય સ્થિતિ છે; છતાં મ્હારી ટીકાને કાંઈક વિશિષ્ટ કરવાની આ તક લઉંછું. પાશ્ચાત્ય છન્દોમાં પ્રાચીન ગ્રીક અને લેટિન છન્દોમાં quantity (શ્રુતિનું કાલમાન) નિયામક તત્ત્વ હતું, અને અર્વાચીન અંગ્રેજી વગેરે છન્દોમાં accent સ્વરભાર નિયામક તત્ત્વ છે. આમ છતાં પણ[૨] એક વિદ્વાને હાલ પોતાના એક સમર્થ લેખમાં

---

૨ "The ictus of classical verse" એ વિષયનો E. H. Sturtevant નો લેખ; American Journal of Philology, XLIV 4, Oct. Nov. Dec. 1923.

બતાવ્યુંછે કે અંગ્રેજી છન્દમાં પણ શ્રુતિના કાલમાનનો પણ મહત્ત્વનો ભાગ છે. આ ચર્ચા અહિ વિસ્તારવાનું સ્થળ નથી. માત્ર એટલું કહેવું બસ છે કે મિ૦ ખબરદારના ધ્વનિત વિરુદ્ધ ટીકા કરનારે આ નવો પ્રકાશ આપનારી વાત ધ્યાનમાં રાખવી ઇષ્ટ છે;–જો કે આ અમેરિકન મત સર્વસંમત છે એમ તો નથી જ.

આ સંગ્રહનું નામ **મનોમુકુર** રાખ્યુંછે; તે વિશે ખુલાસો આપવાની જરૂર છે. મ્હારાં કાવ્યોના સંગ્રહોનાં નામ 'કુસુમમાળા', 'હૃદયવીણા', 'નૂપુરઝંકાર' એમ પાડ્યાં તે સંબન્ધે તે તે સંગ્રહના આદિ ભાગમાં ખુલાસા અપાયાછે; એ સર્વ કાવ્યગણ તે જેમ હૃદયનાં, ભાવનાં, પ્રતિબિમ્બ પ્રગટ કરનારાં દર્પણ તેમ વિવેચન, રસચર્ચા ઇત્યાદિ વિષયોનો પરામર્શ કરનારાં બુદ્ધિપરાયણ લખાણોનો સંગ્રહ તે મ્હારા **મન**નાં પ્રતિબિમ્બ દર્શાવનાર **મુકુર** (દર્પણ).

इत्यलम्.

બ્લ્યૂ બંગલો
બાંદરા, તા૦ ૨૧ મી મે ૧૯૨૪.

નરસિંહરાવ ભોળાનાથ.

मनोमुकुर

ગ્રન્થ ૧ લો

ગ્રન્થાવલોકન તથા ગ્રન્થપરિચય

૧ સંન્યાસી	ફેબ્રુઆરી ૧૮૮૯ ના બુદ્ધિપ્રકાશનો વધારો.
૨ ઉત્તરરામચરિત	બુદ્ધિપ્રકાશ, ઈ. સ. ૧૮૮૩-૮૪.
૩ વિલાસિકા	'વસન્ત' સંવત્ ૧૯૬૩-૬૪.

मनोमुकुर

*સંન્યાસી

નારાયણ હેમચન્દ્રને અને હેમના પુસ્તકના કારખાનાને ગુર્જર વાચકવર્ગને ઓળખાવવાની જરૂર નથી. માટે એકદમ હેમના આ એક વળી નવા પુસ્તક ઉપર બોલવાનો જ આરમ્ભ કરિયે. અત્યારસૂધી ભાઈ નારાયણે બહુધા સાક્ષાત્ ઉપદેશ આપનારા ગ્રન્થો ઉપર જ શ્રમ ચલાવ્યો હતો. અશ્રુમતી અને પુરુવિક્રમ નાટક, એ બે નાટકગ્રન્થો બાદ કરતાં, પરોક્ષ રીતે ઉપદેશ આપનાર નાટક, વાર્તા ઇત્યાદિ રૂપના ગ્રન્થમાં નારાયણ હેમચન્દ્રનો આ પ્રથમ જ પ્રસિદ્ધ કરેલો ગ્રન્થ છે. ગુર્જર ગ્રન્થકારોને વાર્તાગ્રન્થ તે શું એ વાતનો અસાધારણ પરિચય કરાવનાર આ બંગાળી વાર્તાનું ભાષાન્તર છે. ઉત્તમ વાર્તાઓ ગુજરાતીમાં અત્યાર સૂધીમાં એક આંગળીને વેઢે ગણાય એટલી જ છે. બાકી, ફલાણાએ ફલાણીને દીઠી, બંને પ્રેમમાં પડ્યાં, વિયોગ થયો, સંયોગ થયો, ઘર માંડ્યું, ખાધું પીધું ને મઝા કરી,— હેવી કહાણીઓ તો આપણી ગુર્જર ગ્રન્થાવલીમાં ટોપલે ટોપલે ઉશેડાય એટલી હશે. હેવી વાર્તાના લેખકોને આ "સંન્યાસી" એ એક અદ્ભુત બનાવ જેવું થઈ પડશે. બંગાળી સાહિત્યે જે આજકાલ્ય અસાધારણ વિજય મેળવ્યોછે તે હાવા ઉત્તમ ગ્રન્થકારો અનેક સ્થળે ઉત્પન્ન થવાને લીધે જ. સંકુચિત જ્ઞાન અને અનુભવવાળા ગ્રન્થકાર થવાની ઉત્કંઠા રાખનારા, અર્ધશિક્ષિત જવાનિયાઓને આ પુસ્તક ઉપરથી ઘણી ઘણી શિખામણ લેવાની છે. પરંતુ તે આપણો પ્રસંગ નથી. આપણે આ પુસ્તકના ગુણનું અવલોકન કરી ત્હેમાંથી શિક્ષણસાર લેવાનો છે; તે કરિયે.

---

* બાબૂ દેવીપ્રસન્ન રાય ચૌધરીની મૂળ બંગાળી વાર્તા ઉપરથી ગુજરાતીમાં ભાષાન્તર કરનાર નારાયણ હેમચન્દ્ર.

તે પ્હેલાં આ પુસ્તકના અને ભાષાન્તરના જે થોડાએક ન્હાના ન્હાના દોષ છે તે જરા ઉપરટપકે જોઈ જઇયે, એટલે પછી અંતે આપણે મિષ્ટ કોળિયાથી જ સુસમાપ્તિ કરી સકિયે. મૂળ પુસ્તકના જે કાંઈ દોષ છે તે બંગાળી રીતિના અંગના બહુધા છે. ભાષાનું એક જાત્યનું ખડબચડાપણું, રૂપકતર્કાદિકની ક્લિષ્ટતા, અત્યુક્તિની પરાકાષ્ઠા, વગેરે કેટલાક બંગીય દોષ કોક કોક સ્થળે જોવામાં આવેછે. તેમ જ કોક કોક વાર શૈલીમાં કૃત્રિમ ડૉળ સુરુચિને ત્રાસ ઉપજાવેછે. આટલા સાહિત્યદોષ છે. એક મ્હોટો દોષ પુસ્તકના શિક્ષણવલણનો છે. તે ગુપ્ત છે. પરરાજ્ય ઉપર અયોગ્ય અને ઉદ્ધત નિન્દાવર્ષણ,–એ જોકે આ પુસ્તકનો અપ્રધાન પણ હેતુ નથી, તોપણ અન્ધ દેશભક્તિમાં તણાતા કહેવાતા દેશભક્તો વખતે ઊંધું સમઝે હેવું કોક કોક સ્થળે છે; માટે સુજ્ઞ વાંચનારને માટે એ ખડક ઉપર આટલી દીવાદાંડી મૂકિયે છિયે.

ભાષાન્તરના દોષ ભાષાદોષમાં જ સમાઈ રહેછે. આ પુસ્તકમાં **નારાયણી** ભાષા—જે બંગાળી રૂઢિ, મુંબાઇગરી અશુદ્ધિ, અને બાલિશ વ્યાકરણદોષ, વગેરેનો ખીચડો છે, તે—જરા ઘણે સ્થળે ઊભરાઈ આવીને છે. આ ઉપર હમે વધારે લક્ષ આપત નહિં. **નારાયણે** બજાવેલી સેવાની ઉત્તમતા સંભારીને આ દોષની હમે ક્ષમા કરત. પરંતુ આજ તેમ થાય એમ નથી. અને આ સખ્તાઈ તે આ પુસ્તકમાંના અસાધારણ ગુણે પમાડેલા મોહનું જ પરિણામ છે. **નારાયણી** ભાષાને લીધે અનેક સ્થળે અર્થનું વિશદત્વ તદ્દન ઢંકાઈ ગયુંછે. કેટલેક સ્થળે તો હમે મથી મથીને તપાસતાં પણ અર્થ સમઝી સક્યા નથી. અને આ વાર્તામાં એટલા મહાન્ ગુણો છે કે સાધારણ વાંચનારને સમઝવાને માટે સુગમતા થવાનો સંભવ છતાં, માત્ર ભાષાન્તરકર્તાની ઉતાવળથી અને ભાષા જેવી અપ્રધાન બાબત ઉપર બેદરકારીથી, તે દ્વાર બંધ થતું જોઈ ક્ષણવાર ક્રોધ અને ખેદ ઉત્પન્ન થયા વિના રહેતો નથી.

હવે આપણે આ વાર્તાની ખૂબિયો તરફ વળિયે. આ ઠેકાણે વાર્તાનો સવિસ્તર વૃત્તાન્ત આપવાને હમે બંધાયા નથી. માત્ર નીચેનું વિવેચન સ્ફુટ રીતે સમઝાય એટલો જ સાર આપીશું. ઉત્તર બંગાળના એક શહેરના

ધનવાન્ શેઠનો એકનો એક લાડકવાયો પુત્ર, હરનાથ, તરુણ વયમાં અસીમ ધનસંપત્તિ સહસા પામી, વ્યસની દુર્મિત્રોના છંદમાં પડી, પતિ-હિતૈષિણી સ્ત્રી સુરબાલાને ન ગાંઠતો, સર્વ ધન કુમાર્ગે ઉડાવેછે. આખર સુરબાલાની સૂચનાથી વૃદ્ધ માતા પુત્રના હાથમાંથી સર્વ અધિકાર લઈ લેછે, અને સાધ્વી પત્નીની શિક્ષામાં વર્તવાની હેને આજ્ઞા આપેછે. પત્નીને પ્રથમથી જ ઘોળી પી ગયેલો ઉન્મત્ત હરનાથ કાંઈ ન ગણકારતાં છાનોમાનો રાત્રે ઘરની બ્હાર સટકી જાયછે; લફંગા મિત્રો જોડે મદ્ય-સેવામાં મશગૂલ થઈ દુષ્ટમિત્રથી છેતરાઈ માતૃભક્ત છતાં અજાણતાં જ માતૃઘાતી થાયછે. એકદમ હેના પિતાનો હિતૈષી ગુરુ આ વિપથગામી યુવકને ઉપાડી લઈ જાયછે. ગામેગામ સંતાતો સંતાતો, સંતાડતો સંતાડતો, દીર્ઘ કાળ ગુરુ ફરેછે. તે અરસામાં યુવકનું મન પશ્ચાત્તાપના અગ્નિથી વિશુદ્ધિમાર્ગમાં પડેછે. અદ્‌ભુત ચરિત્રપરિવર્તન થાયછે. ગુરુ આજ્ઞા કરેછે કે—હવે જા, ચાર વર્ષ સૂધી સંસારની લાલચોમાં પરીક્ષા આપી, દઢતા સ્થાપી, ફરી મળજે. હિમાલયના શિખરમાં મળવાનું ગોઠવેછે. હરનાથ ઘેર આવી તપાસ કરેછે, તો પૂર્વના સર્વ દુર્મિત્રો દગાખોર થયાછે, સગાં સંબન્ધીઓ ધનમાલ ઓળવી બેઠાં છે, અને હૃદયનું મ્હોટામાં મ્હોટું ધન—સુરબાલા—ઘેર ઘેર ભટકી આશ્રય ન મળતાં કોણ જાણે કહિં ચાલી ગઈછે! દાઝ્યા ઉપર ડામ! હરનાથ ભગ્નહૃદય થઈ ચાલ્યો—ચાલ્યો;—ક્યાં? સુરબાલાની શોધમાં? કોણ જાણે. આપણે હેને ત્હાર પછી (ગ્રન્થની પ્રકરણરચનામાં પૂર્વે પણ વાર્તાક્રમમાં પછી) સિકિમની ભૂમિમાં સિકિમવીર યશલાલસિંહની રૂપવતી કન્યા મરીચિને શાસ્ત્ર ભણાવનારા પંડિતના રૂપમાં દેખિયે છિયે. પર્વતવાસિની મુગ્ધ, સરલ, ઉદાત્તભાવપૂર્ણ, પ્રેમમયી મરીચિની ગુરુભક્તિ અલૌકિક પ્રેમરૂપમાં પરિવર્તન પામેછે. પંડિત કાંઈક કળેછે, કાંઈક ઊંધું સમઝેછે, પૂર્વના કુસંસ્કારી હૃદયના માપથી દિવ્ય પ્રેમને માપતાં કન્યાને દુાવકારી સમઝેછે. પિતાને પૂછતાં સંદેહ ટળેછે. પરંતુ લાલચમાં ફસાયલું હૃદય ધર્મબુદ્ધિને પણ તાબે થયુંછે. તેથી વિચિત્ર ભાવયુદ્ધ એ હૃદયરણભૂમિમાં થાયછે. ફરી ગુરુદેવ કને હરનાથ જાયછે. મરીચિ પ્રથમ જ મળી ગયેલી ત્હેની કનેથી હરનાથની સ્થિતિ

જાણી ગયેલો ગુરુ સાન્ત્વના આપેછે. ગુરુ પોતે અકસ્માત્ પ્રથમ દીઠેલી સંન્યાસિની રૂપમાં સુરબાલાને હરનાથ જોડે મેળવેછે. ક્ષણિક સંયોગ જ. સુરબાલા અનુતાપવિશુદ્ધ પતિ ઉપર પ્રસન્ન થાયછે, પણ સંસાર વિષમય જોનારી થયેલી વિરક્તા સંન્યાસિની ચાલી જાયછે—જાય છે, તે ફરી આ વાર્તામાં દેખા દેતી જ નથી. હરનાથને પણ દેખા દેતી જ નથી. આ અરસામાં મરીચિ આફતમાં આવી પડે છે. યશલાલસિંહ સિકિમના રાજાની વિશ્વાસઘાતકતાને લીધે અંગ્રેજ સેનાધિપતિના હાથમાં કેદી થયોછે. દેશભક્ત છતાં રાજદ્રોહી ઠર્યોછે. ફાંશીની સજા થવાની છે. પંડિત (હરનાથ) ઉપર મરીચિયે પત્ર મોકલ્યોછે. સર્વ સમાપ્ત થયા પછી હરનાથ મરીચિને મળેછે. મરીચિ પંડિતને હેમણે આપેલા જ્ઞાન માટે ઠપકો દેછે; સ્વતન્ત્રતાબુદ્ધિ, શૂરચરિત, વગેરે વડે વેચાથી લીધેલા ધર્મજ્ઞાન માટે પસ્તાવો કરેછે. પ્રેમનું બન્ધન બળાત્કારે તોડવાને પ્રયત્ન કરેછે. પર્વતવાસિનીનું વિલક્ષણ હૃદય સંપૂર્ણ ન ઓળખનાર હરનાથ આખર નિરાશ થઈ, ભાવયુદ્ધનો ક્ષોભ ન ખમી, આત્મઘાત કરેછે.

આટલી વાર્તા છે. સંક્ષેપમાં કહેતાં એ વાર્તાનું સુન્દરપણું હમે કાંઈ પણ સાચવી સક્યા નથી. પણ આગળની ચર્ચા સમઝાય એટલા માટેજ આટલું રેખાચિત્ર આંકી મૂકવું જરૂરનું હતું.

આ વાર્તામાં મુખ્ય પાત્ર ત્રણ છે—હરનાથ, મરીચિ, અને સુરબાલા. આપણે મુખ્ય પાત્રની ત્રિપુટીનું અવલોકન કરિયે. ઉલટા ક્રમથી શરૂ કરીશું. પ્રથમ સુરબાલાનું દર્શન કરી પવિત્ર થઈયે. આ અદ્ભુત સતીના ચરિતનાં બે સ્વરૂપ છે;—પૂર્વાર્ધમાં પતિપરાયણા આધીન દાસી, ઉત્તરાર્ધમાં જનસમુદાયની સેવામાં સંતુષ્ટ સંન્યાસિની, પૂર્વાવસ્થામાં જે પતિરતાએ દુર્ગુણથી મલિનચરિતના પતિને પણ સ્વીકાર્યો હતો, તે ઉત્તરાશ્રમમાં સુસંસ્કારથી વિશુદ્ધચરિતના પતિનો પણ ત્યાગ કરેછે. એ કાંઈ છેક અકારણ નથી. આરમ્ભમાં સંસારની છબિ આ સરલ બાલાની કલ્પનાદૃષ્ટિયે રમ્યવર્ણમયી જ હતી. એ ભ્રમણાને પોતાની ટૂંકી યૌવનાવસ્થામાં એક પછી એક સહસા અપાસ્ત કરનારા ક્ષોભ મળ્યા. પ્રથમ સાસરે જતી

આવતી હતી ત્હેવામાં સુરબાલાને મન પતિ સમાન સુખ દુનિયાંમાં બીજું છે જ નહિં એમ હતું.* પતિનો પરિચય થયા પછી એ ચિત્રે કાંઈક ઘેરી છાયા પકડી. પત્નીભાવ તે સર્વથા કુસુમશય્યા જ છે એમ નથી હેવું બતાવનારો પ્રથમ ક્ષોભ આ સુકુમાર બાલાને પોતાના પતિના વ્યસની અને દુરાચારી ચરિતે આપ્યો. તોપણ પતિને સુધારવાની આશાએ પ્રયત્ન છોડ્યો નહિં. ઉદ્ધત પતિયે હેને ના જ ગણકારી ત્યહારે આખર લુગડાના પાલવે પોતાનાં આંસુ લ્હોતી લ્હોતી દીનવચની બોલી:—

---

* આ સ્થળે નીચેનો થોડા શબ્દોમાં ઘણું સૂચવતો હૃદયભેદક સંલાપ ઉતારવા જેવો છે:—

સુરબાલા—"જો આ કેવી મઝાની જગા છે. તને આ તલાવ પરની વાત શું યાદ આવેછે ?"

કુન્દબાલા—"હા. એકવેળાએ ઘેરથી વસંતપુરમાં આવતી વેળાએ આપણી પાલખી આ જગાએ ઉભી હતી. તું અને હું આ તળાવમાં નાહાવા ગયાં હતાં."

સુરબાલા—"બીજું કંઇ યાદ આવેછે?"

કુન્દબાલા—"હા. આ રસ્તે એક વખતે જવાની વેળાએ અહિં એક છોકરી રોતી હતી, તેં તેનાં આંખમાંનાં આંસુ લુછ્યાં હતાં. તેં તેને સ્વામીઘરની ઘણી સુખની વાતો કહી હતી.'

સુરબાલા—"આજ તે મળત તો હું કહેત કે, આવ બહેન, તારી સાથે રડુંછું, બાલ્યકાળની રમત ગમત છોડીને શા માટે સ્વામીને ઘેર જાય છે? પૃથ્વીમાં બાલ્યકાળની રમતના જેવું બીજું સુખદાયક કામ કંઇ જ નથી. કુન્દ! બીજું કંઈ યાદ આવેછે?"

કુન્દબાલા—"હા. એક દહાડે એક સ્વામીએ તજેલી સ્ત્રી અહિં બેસીને રોતી હતી, અને સ્વામીને ઘણો તિરસ્કાર તથા ગાળો દેતી હતી, તેં તેને ઘણી સમજાવી અને તું બોલી હતી કે આપણા જ દોષથી આપણે સ્વામીનું મન વિરક્ત કરિયે છિયે, નહિં તો સ્વામીના જેવી વસ્તુ આ દુનીયામાં બીજી કોઇ નથી; એ સર્વ યાદ છે."

સુરબાલા—"આજ જો તે મળત તો હું કહેત કે બહેન તારી સાથે આવુંછું, આજ જરા રડુંછું." (ખંડ ૩ જો, પ્રકરણ ૧ લું, પૃષ્ઠ ૧૪૯–૧૫૦)

હરનાથ જતો રહ્યા પછી ઘરઘર ભટકી આશ્રય ન મળ્યા પછી સંસાર ત્યાગ કરવા તત્પર થયેલી સુરબાલાનો પોતાની બાળસખી જોડે આ સંલાપ છે. હાની હૃદયભેદકતાને ટીકાના સંસ્કારની જરૂર જ નથી.

"મ્હારું કહેવું હજી પણ સાંભળો; મ્હને મારો, ત્હમારી જેવી ઇચ્છા હોય તે કરો, પરંતુ મ્હારા કહેવાને તુચ્છકારશો નહિ."

પછી ઈશ્વરને ઉદ્દેશી બોલીઃ–"ઈશ્વર ! સ્વામીનું મન પરિવર્તન કરો, ત્હમારો પતિતપાવન નામનો મહિમા દેખાડો."

મહિમા તરત જણાવાનો નહોતો. સુરબાલાનો શ્રમ તે ક્ષણે તો ઊષરભૂમિમાં વાવેલા બીજની પ્રમાણે વન્ધ્ય થયો. નિષ્ઠુર સંસારનો આ કોમળ હૃદય ઉપર પ્રથમ આઘાત પડ્યો. એટલેથી અટક્યું નહિ. હરનાથ માનું અજાણતાં ખૂન કરી જતો રહ્યો તે પછી ઘરના હાલહવાલ થઈ ગયા. પૂર્વે જે મિત્રો મીઠાં મીઠાં વચનથી ફોલી ખાવાને આવતા તે હવે પૂર્વમિત્રપત્નીને પાણી પાવાને પણ ના આવ્યા. ઘરબાર, જમીન મિલકત, હરાજ થઈ ગયાં. સુરબાલા ઘેર ઘેર ભટકી; કોઇયે ઉંબરે ઊભી ના રાખી. નિષ્ઠુર સંસારનો આ બીજો ક્રૂર આઘાત કોમળ હૃદય ઉપર પડ્યો. જે પ્રમાણમાં પૂર્વના સરલ હૃદયે સંસારને અમૃતમય કલ્પ્યો હતો, તે જ પ્રમાણમાં હવે એ હૃદયે નિષ્ઠુર અનુભવે કરીને એ સંસારને વિષમય કલ્પ્યો. પતિ, મિત્ર, સગાં, વ્હાલાં, કોઇ પણ કામનાં નથી એમ તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થઈ આ યુવતીનું મન–સંશયના ખાડામાં નહિ, પણ–વિરક્તિપ્રધાન ઈશ્વર પરાયણતામાં નિમગ્ન થયું. ગરીબને આશ્વાસન આપવામાં, રોગીની સેવા કરવામાં, વિપથગામીને ઉપદેશ આપવામાં,–ટૂંકામાં, મનુષ્યબન્ધુનું સ્વાર્થનિરપેક્ષ સેવન કરવામાં હવે આ સંન્યાસિનીનો સર્વ કાળ જવા માંડ્યો. એ સંન્યાસદશામાં ગાઢ પરિચય પામીને તે જ જીવન હેને અનુકૂળ બની ગયું ત્હાર પછી અનેક વર્ષે, વિશુદ્ધિપથમાં પડેલો હરનાથ ફરી હેને મળ્યો. મળ્યો, એ મળી, હેના પરિવર્તનને હેણે અભિનન્દ્યું, ઈશ્વરનો ઉપકાર માન્યો, પણ બસ; ફરી પતિ તરીકે સ્વીકારવાની વૃત્તિ હેને થઈ જ નહિ. અને ઉપરનાં ટૂંકામાં બતાવેલાં કારણથી જણાશે કે એ વૃત્તિ થઈ નહિ તે વાત સર્વથા અસ્વાભાવિક અથવા નિષ્કારણ નહોતી. સંન્યાસિની સંન્યાસિની જ રહી.

આ અદ્‌ભુત સંન્યાસિનીના પૂર્વાશ્રમમાં જે હેના હૃદયનું ધન હતું તે હરનાથના હૃદયને આકર્ષનારી, તેમ જ ત્હેના વિલક્ષણ ગુણથી આકર્ષયલા

હૃદયવાળી, પેલી પર્વતવાસિની કન્યા,—અરણ્યમાં ઊગેલી સ્વતંત્ર કળી, ઉદાર આકાશમાં સ્વેચ્છાવિહાર કરનારી કપોતી,—મરીચિનું ખરેખરું અદ્ભુત હૃદય-જીવન નિરીક્ષણ કરવા યોગ્ય છે. એ આ સાંસારિક ક્ષુદ્ર ભાવના ઉપાદાનથી બનેલું હૃદય નહોતું. હેનો પ્રેમ પણ આ ક્ષુદ્ર પાર્થિવ પ્રેમથી તદ્દન ભિન્ન સ્વરૂપનો હતો. આ વાર્તાની વાસ્તવિક નાયિકા સુરબાલા કરતાં મરીચિ વધારે સંભવેછે. અને વાર્તા લખનારે મરીચિને જ નાયિકા ઉદ્દેશીને પાત્ર-સૃષ્ટિ કરી જણાયછે. આ પર્વતમાં ઉછરેલી નાયિકાના ચરિતનાં ઉપાદાન તપાશિયે. જે જાતિમાં આ કન્યા ઉત્પન્ન થઈછે તે જાતિના રિવાજ, આચાર વિચાર, વગેરેની વિલક્ષણ સ્થિતિ ધ્યાનમાં રાખવાનીછે. મરીચિનો પિતા લેપચા વંશમાં જન્મ્યો હતો. "પર્વતવાસી જાતિમાં લેપચા જાતિ સૌન્દર્યને માટે પ્રખ્યાત છે. કેવળ સૌન્દર્યને માટે જ નહિં, પણ એઓનો સ્વભાવ વિનમ્ર અને અમાયિક" (નિષ્કપટ) "છે, હૃદય પ્રેમથી પરિપૂર્ણ છે; મન સર્વદા પ્રફુલ્લ હોયછે." "પર્વતવાસી જાતિયો" (માં) "સ્ત્રી-પુરુષ બંને સ્વાધીન" (સ્વતંત્ર) "હોયછે, કોઇ કોઇને તાબે હોતાં નથી; પ્રેમ પણ કોઇ નિયમમાં આબદ્ધ હોતો નથી. જેની સાથે ત્હેનો" (જે'નો) "પ્રેમ થયો હોય તે ત્હેને પરણેછે; હેવા સ્વેચ્છાવિવાહમાં કોઇ હરકત પુગાડી સકતા નથી. હેવો વરકન્યાની સાથે" (વચ્ચે) "પ્રેમ થયો-છે એ સગાંવ્હાલાંના કાન ઉપર ગયાથી તેઓના લગ્નની તૈયારી કરેછે. અને જો કોઇ રીત્યની વિપત્તિની આશંકા કરીને ત્હેવી રીત્યનો" (ના) "લગ્નમાં તેઓ અસંમતિ પ્રકાશ કરે તો વરકન્યા સ્વેચ્છાપૂર્વક નાશીને એકઠાં રહેછે; એ તેઓ લગ્ન જાણેછે. બાલ્યવિવાહ, અસંમતિ વિવાહ એઓની અંદર ચાલતો નથી. વિધવાવિવાહનો એઓની અંદર નિષેધ નથી." હાવી સુધરેલી જંગલી જાતિમાં જન્મેલી આપણી નાયિકા છે. શૂરજાતિમાંના શૂરા સરદારની શૂરી કન્યા છે. હૃદયના દિવ્ય ગુણો, શરીરની કાન્તિ તથા સૌન્દર્ય, એ વાતોમાં એક વિદ્યાની ખોટ્ય હતી. તે અસાધારણ લાભથી પૂરી થઈ. હરનાથે પંડિતરૂપે એ કન્યાને સંસ્કૃતભાષા તથા શાસ્ત્રાદિકનો ઉપદેશ આપવાનો પ્રસંગ આવ્યો. સ્વભાવતીક્ષ્ણ બુદ્ધિથી મરીચિ સુશિક્ષિતા પણ થઈ. મરીચિનું હૃદય પંડિતના ઉપર મુગ્ધ થયું. ઉત્પન્ન થયેલો મોહ

સરલભાવે પ્રગટ કર્યો. પર્વતવાસિનીની જાતીય સરલતાની પંડિત કિમ્મત કરી સક્યો નહિ. પોતાના સંસારમલિન હૃદયના કાચની દ્વારાએ આ કન્યાને જોઈને ત્હેને સ્વેચ્છાચારિણી કલ્પી. પરંતુ યશલાલ કનેથી ખુલાસો મેળવી, તથા મરીચિયે પોતાની લજ્જા રક્ષણાર્થે દુર્વિનીત અંગ્રેજનો વધ કરેલો સાંભળી, પંડિતનો સંશય દૂર થઈ વિશેષ આદર તથા આશ્ચર્ય ઉત્પન્ન થયાં. સંસારના મલિનભાવમાં લુબ્ધ થયેલા સામાન્ય જનોની કલ્પનામાં આ સરલ, સુન્દર, વિશુદ્ધ પ્રેમનું પ્રતિબિમ્બ કેમ પડશે? આ ઊંચો આદર્શ દેખાડવામાં વાર્તાકારનું કૌશલ અપૂર્વ જણાયછે. મરીચિનો પ્રેમ તે શારીર પ્રેમ નથી. પ્રેમના આરંભમાં જ જ્યહારે પંડિતે પોતાની પૂર્વાવસ્થાનો ખુલાસો ન કરતાં કહ્યું કે—મારું લગ્ન થયુંછે કે કેમ વગેરે મ્હારી ખાનગી વાતની ત્હારે શી પંચાત છે? હું તો સંન્યાસી છું.-ત્યહારે મરીચિ શું કહેછે? સંન્યાસીને સંન્યાસાવસ્થા ત્યાગવાનું કહેછે? અથવા તો સંન્યાસી છે ત્યહારે તો હેનું કામ નહિ કરી ત્હેને પડતો મૂકવાનું ધારેછે? બિલકુલ નહિ. "મ્હને ઇચ્છા છે કે હું પણ સંન્યાસી થાઉં." આ એ વિમલપ્રેમમયીનો અમલિનભાવસૂચક ઉત્તર હતો.

મરીચિના પ્રેમનું એક બીજું સ્વરૂપ જોવા જેવું છે. એ પ્રેમ એટલો તો અમાનુપ અશારીર છે કે એ પંડિત ઉપર પ્રેમબદ્ધ થઈછે તે જ વખતમાં બૌદ્ધ મન્દિરમાં દીઠેલા અંગ્રેજોને જોઈને પોતાના સરળ હૃદયમાં ઉત્પન્ન થયેલો ભાવ પોતાની મ્હોટી બ્હેન સુરુચિ આગળ જણાવતાં કહેછે—"એઓ દેવતા હોવા જોઇયે. એઓના ઉપર પ્રેમ રાખવાની ઇચ્છા થાયછે." આગળ ઉપર જે મરીચિયે લજ્જા લૂંટવાનો પ્રયત્ન કરનાર અંગ્રેજની છાતીમાં છરો ભોકીને ત્હેને મારી નાંખ્યોછે, તે જ મરીચિ આ આરમ્ભની દશામાં આમ બોલેછે. આ વિરોધ નથી. મરીચિનું હૃદય કે'વા નિર્દોષ સરલ પ્રેમના ઉપાદાનથી જ બન્યું હતું તે જ આટલા ઉપરથી જણાવવાનો હેતુ વાર્તાકારનો જણાયછે. અને એમ પણ કાંઈક આભાસ થાયછે કે આ સરલ કન્યાના હૃદય ઉપર કાંઈક વિજાતીય સૌન્દર્યની મોહની શક્તિ વિશેષ અસર કરતી હતી. એ જ હૃદયગુણને લીધે પરદેશી પંડિતે પ્રથમ હેનું હૃદય આકર્ષ્યું જણાયછે.